# IIT-Gn સ્ટુડન્ટ્સે ટેક્નોલોજીની મદદથી ખેડૂતોના પ્રોબ્લેમ સોલ્વ કર્યા

## IITના વિદ્યાર્થીઓને ખેડૂતોને કામ આવતા વિવિધ ઓજારોને રિડિઝાઈન કર્યા

સિટી રિપોર્ટર @ahm_cb





આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટ્સે સિન્થિસિસ એન્ડ એનાલિસિસ ઓફ મિકેનિઝમ કોર્સના ભાગરૂપે ખેડૂતોને ખેતી કામ દરમિયાન પડતી મુશ્કેલીઓનું એનાલિસિસ કર્યું હતું. ખેતીકામમાં વપરાતા વિવિધ ઓજારોની ખામીઓ જાણીને સ્ટુડન્ટ્સે ખેડૂતોને ઓછી મહેનતે વધારે કામ આપી શકે તેવા મશીનના વર્કિંગ પ્રોટોટાઈપ બનાવ્યાં હતાં. આઈઆઈટી સ્ટુડન્ટસે ઈલેક્ટ્રિસિટીથી ઓપરેટ થતું 'પેડી હાર્વિસ્ટર', 'ફ્રૂટ હાર્વિસ્ટર', 'મેન્યુઅલ મિલ્ક મશિન', 'ઓનિયન હાર્વિસ્ટર', 'પેડલ ઓપરેટર થ્રેસર મશિન', 'પેસ્ટિસાઈડ પંપ મશિન', 'વીટ હાર્વિસ્ટર' જેવા વિવિધ મશિન બનાવ્યાં હતાં.

આ દરેક મશિન ડેવલપિંગમાં ત્રણ વસ્તુને કેન્દ્રમાં રાખવામાં આવી હતી. એક કિંમત બીજુ ખેડૂતોને ઓછી મહેનતે વધારે કામ કરી શકવાની ક્ષમતા અને ત્રીજુ ખેડૂતોને શારીરિક સ્થિતિ સુધારવી. આ ત્રણેય વસ્તુને ધ્યાનમાં રાખી આઈઆઈટી સ્ટુડન્ટ્સે ખેડૂતોને ઉપયોગી સાધનો વિકસાવ્યા હતા. આ અંગે વાત કરતા આઈઆઈટી પ્રોફેસર વિનિત વિશિતાએ જણાવ્યું કે, 'આ કોર્સનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોની વિવિધ સમસ્યાઓ જાણવી અને તેનું ટેક્નોલોજીના માધ્યમથી સમાધાન શોધવું એ છે.'



### ખેડૂતોને બેક પેઈન મૂંઝવતો પ્રશ્ન: IIT Gn સ્ટુડન્ટ્સ

ખેડૂતો અને તેમની વિવિધ સમસ્યાઓ પર આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટ્સ દ્વારા કરવામા આવેલા રિસર્ચમાં જાણવા મળ્યું કે ખાસ કરીને હેવી વજન ઉંચકવાના કારણે અને નીચે વધારે પડતા ઝુકીને કામ કરવાના કારણે ખેડૂતોને બેક પેઈનની સમસ્યાઓનો વધારે સામનો કરવો પડે છે.